

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




મુસાફરી ન કરો એમાં, તમારી જ સુરક્ષા છે!
ઘરમાં બેસી રહો એમાં, તમારી જ સુરક્ષા છે!
જન-સુરક્ષા માટે જ રેલભાડાં વધારી દીધાં -
સરકારના મનમાં તો, તમારી જ સુરક્ષા છે!!




કરતા હશે!?
સ્વાગત્ આતંકીઓ -
પ્રેમ-પૂર્વક?!
(૪૦-મજૂરો સુરક્ષિત છે!!)

ગર્ભની ચિંતા,
પ્રસવ પીડા પણ -
(-કે) સીઝેરીયન!!
(અચ્છે દિન આ ગયે..)

## ચિંતન

**દુર્જનઃ પરિ હર્તવ્યો વિધયા અલંકૃતો અપિ સન્ । મણિના ભૂષિતઃ સર્વઃ કિમ સૌ ન ભયંકરઃ ?॥**

'વિદ્યાર્થી સુશોભિત હોય તો પણ દુર્જન, ત્યાગ કરવાને જ યોગ્ય છે અર્થાત ભલે ભણેલો-ગણો હોય પણ દુર્જનનો સંગ ન કરવો દાખલા તરીકે સર્પ ભલે મણિથી સુશોભિત હોય, પણ એથી કરીને એની ભયંકરતા કંઇ ઘટી નથી જતી.'

દુર્જન-દુષ્ટ લુચ્ચો માણસ પોતાની દુર્જનતા કદી પણ છોડતા. ભાગવત-રામાયણ-ગુરૂ મહિમા પણ ત્રણ-ત્રણ દિવસની શિબિરો ભરી વિદ્વાન 'બાપુ' વિદ્વાન હતા પણ કેવા-કેવા ખેલ કર્યા. વિદ્વાન હોય છતાં દુષ્ટ પોતાની દુર્જનતા છોડતો નથી. લાખો માણસો-સ્ત્રીઓની શિબિરમાં વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન-પાછળ મૂરાદ કેટલી મેલી?

આ વાત સરળતાથી સમજાવવા માટે મણિધર નાગનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. ખૂબ કિંમતી-અમૂલ્ય મણિ મસ્તક પર રાખનારો સાપ, ડંશ તો આપે જ છે. એની ભયંકરતા કંઇ ઓછી થઇ જતી નથી.

## સુવિચાર

- લોકોનાં દિલ જીતાય પ્રેમથી, ધાકધમકી કે દાદાગીરીથી નહીં, રૂપિયાનાં ઢગલાં થાય છે નસીબથી, ચોરી-ચાલાકી કે ગણતરીથી નહીં, આમ તેમ ભટકયા ન કર હે જીવ.. મોક્ષના રસ્તા ખુલે છે દિલની પ્રાર્થનાથી, ટીલાં, ટપકાં કે હોમ હવનથી નહીં **- સાંઇરામ**
- છો વેદ વાંચનારાઓને માનહાનિ લાગે.. પ્રસ્વેદ પાડનારા અમને તો જ્ઞાની લાગે **- રઇશ મણીયાર**
- દુનિયાનો તમામ વહેવાર મૌલિકતાથી કરો.. માલિકતાથી નહીં **- એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધોની માયાજાળમાં એક સંબંધ લીમડા જેવો રાખો.. જે શીખામણ કડવી આપે પણ તકલીફમાં ઠંડો છાંયડો પણ આપે **- હૃદયસૂત્ર**
- જીંદગી સિક્કાની બે બાજુની જેમ છે, કયારેક સુખ તો કયારેક દુઃખ છે. જયારે સુખ હોય તો 'ઘમંડ' ન કરતાં.. અને જયારે દુઃખ હોય ત્યારે થોડો 'ઇંતેજાર' જરૂર કરજો **- એસ.એમ.એસ.**
- આંસુ સુકાયા પછી જે મળવા આવે તે સંબંધ છે, આંસુ વહે તે પહેલાં મળવા આવે તે પ્રેમ છે **- મધુરાય**
- ઇશ્વરને અનુસરવા એટલે ઇશ્વરની મરજીને ધીરજથી સ્વીકારવી **- ભક્તિસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

એક હિન્દી ફિલ્મી ગઝલ મને બહુ ગમે છે એના શબ્દોનો અર્થ કંઇક આવો છે. નાયિકા કહે છે કે પ્રેમી તરફથી મળેલ ગમ (આઘાત) પણ મને ગમે છે કારણ કે એ એણે આપેલી ચીજ છે. 'ઇશ્વર આપણને જે દુઃખ આપત્તિ આપે છે એ એના તરફથી મળેલ પ્રસાદની જેમ માથે ચઢાવી લેવો જોઇએ. તો દુઃખ પીડા નહીં આપે.'

વિકટર ફ્રેંકલીન, ઉમદા સમાજ સેવકને હીટલરે જેલમાં પૂર્યો. ત્યાં ત્રાસદાયક યાતનાઓ પછી મોત આપવામાં આવતું હતું.

ફ્રેંકલીનને ખબર હતી કે અંત કેવો છે છતાં એણે ઇશ્વર સાથે એક સોદો કરતાં હોય એમ પોતાની ડાયરીમાં હકારાત્મક રીતે સજા સ્વીકારતાં પ્રાર્થના સ્વરૂપે એક નોંધ લખી :

"હે ઇશ્વર તું મને યાતનાઓ આપવા ઇચ્છતો હોય તો ભલે આપ, હું એ હર્ષપૂર્વક સ્વીકારીશ પણ એના બદલે મારા કોઇ પણ પ્રિયજનને કોઇ યાતના આપવી નહીં. તું મને પીડા જનક મોત આપવા ઇચ્છતો હોય તો ભલે દેજે પણ મારા પ્રિયજનને રિબાવીશ નહીં."

સજા-યાતના-મૃત્યુનો કેવો હર્ષ ભર્યો આનંદમય સ્વીકાર.. અંતે વિક્ટર શહીદ થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# પૃથ્વીને હવે સ્વર્ગ બનાવવા માનવીમાં ચેતના જગવવાનો સમય પાકી ગયો છે

## ચેતનાનો સમય

**- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

"કદાચ એમ પણ બને
કે આ પૃથ્વી
બીજા કોઇ ગ્રહ માટેનું
નરક પણ હોય !"

- આલ્ડસ હકસલી

ઇશ્વરે આ પૃથ્વીનું સર્જન કર્યું. પૃથ્વી ઉપર માનવજીવન, પ્રાણીઓ-પક્ષીઓ, નાના જીવો અસ્તિત્વમાં આવ્યા. ધરતી ઉપર લીલીછમ્મ અવનવા ભાતભાતનાં વૃક્ષો, માનવીને ઉપયોગી એવા આ વૃક્ષો અને ભાતભાતની ઔષધીઓ પેદા કરતી નાની વનરાજીઓનું અસ્તિત્વ થયું. પરંતુ પૃથ્વી ઉપરના માનવે વિકાસની આંધળી દોટમાં અવનવા વિકારો પેદા કર્યા. આર્થિક તાકાત વધારવાની દોટમાં અવનવા કેમીકલ્સના કારખાનાઓ ઊભા કર્યા. આ કેમીકલ્સથી આર્થિક વિકાસ તો સાધ્યો પણ સાથે આ ધરતી ઉપરની વનરાજી, ખુદ માનવને, પૃથ્વીની અંદરના બહારના જળને નુકશાન પહોંચાડે તેવા ભયાનક ઝેરીલા રસાયમો પેદા થવા લાગ્યા. ધરતી ઉપર અવનવા ભાતભાતના ઉદ્યોગો ધમધમવા લાગ્યા. માનવીની જરૂરિયાતો વધવા લાગી. આ જરૂરિયાતોને સંતોષવા અને તેમાંથી કમાણી કરવા કારખાનાઓ - ઉદ્યોગો સ્થાપવા અને વિકાસના નામે માનવજીવનને, પ્રાણીજીવનને ઉપયોગી એવાં વૃક્ષોનું છેદન થવા લાગ્યું. પૃથ્વી ઉપરનાં પર્યાવરણને નુકશાન પહોંચાડતા ઉદ્યોગો દ્વારા પૈદા કરાતાં પ્રદૂષણોથી નદીઓના પાણી પ્રદૂષિત થવા લાગ્યા.

પવિત્ર એવી ગંગા નદીમાં ઝેરી કેમીકલ્સનો કચરો, ઉદ્યોગો દ્વારા પૈદા કરાતો કચરો, પવિત્ર નદિઓનાં કિનારે આવેલા પવિત્ર યાત્રાધામોમાં યાત્રાએ આવતા યાત્રાળુઓ અને નદી કિનારે વસેલી માનવવસ્તી દ્વારા ગંદકી અને કચરો નદીઓનાં જળને પ્રદૂષિત કરવા લાગ્યા. પૃથ્વી ઉપરના માનવીએ પોતાના અસ્તિત્વને ઉજળું બનાવવા અને જટપટ સંપત્તિવાન, ધનવાન થવા માટે અવનવા માનવીય દૂષણોને પેદા કર્યા. પૈસાદાર થવા માટે ઝટપટ કમાણી કરી લેવા માટે ખાદ્યાખોરાકી અને અન્ય જીવનજરૂરિયાતની વસ્તુઓમાં ભેળસેળ થવા લાગી. માનવતા મરી પરવા લાગી. વિશ્વાસઘાત થવા લાગ્યો. છેતરપીડીં થવા લાગી. છળકપટ થવા લાગી. લુચ્ચાઇ અને લફંગાઇ વધવા લાગી.

અસત્યનું આચરણ થવા લાગ્યું. એકબીજા પ્રત્યે અવિશ્વાસ પૈદા થવા લાગ્યો. માનવી અવિવેકી બનવા લાગ્યો. ઓછી મહેનતે વધુ કમાણી કરવા ભ્રષ્ટાચારી રીતરસમો પેદા થવા લાગી. જાહેરસેવાના નામે રાજકારણીઓ ભ્રષ્ટાચાર આચરીને અઢળક પૈસો અને સંપત્તિ પેદા કરવા લાગ્યા. અત્યાચાર વધવા લાગ્યો. ચોરી, કામચોરી, લુંટફાટ, અન્યાય, શોષણ, રાષ્ટ્રદ્રોહ, અપ્રમાણિકતાનું આચરણ, દંભ, સ્વાર્થ, અપકૃત્યો, ગુન્હાખોરી, સ્ત્રીઓ ઉપર અત્યાચાર - બળાત્કાર વધવા લાગ્યા. ઇર્ષા વહેમ, અંધશ્રદ્ધા વધવા લાગ્યા. માનવી શિક્ષિત તો બન્યો, પણ અશિક્ષિત કરતાં પણ વધુ પોતાના જ્ઞાનનો દુરપયોગ કરવા લાગ્યો. કામચોરી અને આળશ વધવા લાગ્યા. કુદરતી સંપત્તિ, અનાજ, પાણી, વીજળીનો બગાડ થવા લાગ્યો. માનવીય સંબંધોનો પોતાના સ્વાર્થમાં ઉપયોગ કરવા લાગ્યો અને માનવી અભદ્ર વાણી- વર્તન - વ્યવહાર કરવા લાગ્યો. ધર્મના નામે ધતીંગ થવા લાગ્યા. આતંકવાદ એ નકસલવાદ વધવા લાગ્યો. બે દેશો વચ્ચે સરહદોના ઝઘડા વધવા લાગ્યા. અને તેમાંથી માનવસંહારક યુદ્ધ સામગ્રી પેદા થવા લાગી. ધરતી ઉપર ધરતીને ધ્રુજાવી નાખે તેવા શસ્ત્રોની આંધળી દોટ વધવા લાગી. માનવીમાં સહનશક્તિ ઓછી થવા લાગી. એકબીજા વચ્ચે બદલાની ભાવના, એકબીજા સાથે વિશ્વાસઘાત કરવો, નશાખોરી જેવાં દૂષણો પેદા થવા લાગ્યા. વડીલોનો અનાદર થવા લાગ્યો. માનવીમાં દંભ અને અભિમાન જેવાં દૂષણો પેદા થવા લાગ્યા. ધરતી ઉપર અવનવા વાહનો વધવા લાગ્યા. વાહનો દ્વારા ઓકાતા ધુમાડાએ વાતાવરણને પ્રદૂષિત કર્યું છે. અકસ્માતો વધવા લાગ્યા. માનવીય સંબંધો બટકણા થઇ ગયા છે.

કેરી, કેળા જેવા ફળફળાદીને જટપટ કૃત્રિમ રીતે પકવવા ઝેરી રાસાયણિક દ્રવ્યોનો ઉપયોગ વધવા લાગ્યો. ખોરાકે ભેળસેળ અને પ્રદૂષણોથી માનવીમાં અવનવા રોગો થવા લાગ્યા. નાગરીકોમાં નાગરીકત્વ મરી પરવારવા લાગ્યું.

નાગરિકો પોતાના નાગરિક તરીકેની ફરજો ભૂલવા લાગ્યો. રાજકારણીઓને રાજકારણને પોતાનો ધંધો બનાવી દીધો. સ્ત્રીઓ પ્રત્યે કુદૃષ્ટી રાખવી. સ્ત્રીઓ, બાળકોનું શોષણ કરવું, બિભત્સતા અને નગ્નતાસભર વ્યવહાર કરવો. ફિલ્મી જગતવાળાઓએ બિભત્સતા અને નગ્નતાના દૃશ્યો દ્વારા માનવીને ખુશ ખરી કમાણી કરા લાગી. ધરતી ઉપર માનવ વસ્તીના વસવાટ માટે, ઉદ્યોગો માટે જમીનોની માંગ વધવા લાગતા વૃક્ષોનું છેદન થવા લાગ્યું. માનવી ફક્ત પોતાના અસ્તિત્વ માટે પોતાના સ્વાર્થ માટે આંધળો બનીને આર્થિક રીતે સદ્ધર થવામાં માનવતા નેવે મુકવા લાગ્યો. માણસ બહારથી જુદો અને અંદરથી જુદો એવા બેવડા ધોરણોવાળો દંભી બનવા લાગ્યો. સાચા માનવીની ઓળખ કરવી તકલીફ ભર્યું બનવા લાગ્યું. માનવીય ગુણો અને માનવીય અવગુણો વચ્ચે સરખામણી કરતાં જગતમાં માનવીય અવગુણોએ માનવીય ગુણોનો નાશ કરવા લાગ્યો.

ધરતી ઉપર અજળા શહરો, ધોરી માર્ગો, બહુમાળી મકાનો, અવનવા ઉદ્યોગો, વેપારધંધા, અવનવી શિક્ષણ સંસ્થાઓથી વિકાસ વિકાસને વિકાસમાં વિકાર પણ વધવા લાગ્યો. માનવજીવન, શહેરોનું જીવન બધું જ ઉઝળું દેખાવા લાગ્યું. શહેરીકરણ વધવા લાગ્યું. ખેડૂતો અને ખેતીલાયક જમીનો ઓછી થવા લાગી. શહેરીકરણે ખેતીલાયક જમીનો ગળવા લાગી. આ બધું જ જોઇએ આલ્ડસ હકસલી નામના ફિલોસોફરે સરસ વાત કરી કે કદાચ એમ પણ બને કે નરક પણ હોય. અર્થાત્ માનવીએ આ પવિક્ષ પૃથ્વીને નરક જેવી બનાવી દીધી છે ત્યારે સ્વર્ગ જેવી ધરતીને નરક જેવી બનાવી દેવાનું વધવા લાગ્યું ત્યારે કુદરત પણ વિફરી. વાવાઝોડા, તોફાનો, પૂર, ધરતીકંપ, જવાળામુખી, જેવી કુદરતી આફતો દ્વારા કુદરતે સજા ફટકારવા લાગી, શહેરોમાં ઝુંપડપટ્ટી, ગરીબો અને અમીરો વચ્ચેની ખાઇ વધવા લાગી. ઝુંપડપટ્ટીમાં પોષણ વગર બાળકોનો ઉછેર માનવીની વધેલી જરૂરિયાતો, જરૂરિયાતો સંતોષવા પૈસા કમાવાની આંધળી દોટ, માનવજીવનમાં તનાવયુક્ત પરિસ્થિતિ, માનવીના જીવનમાં અશાંતિ, ઘરેલું હિંસા, આપઘાત, અનાજની સંગ્રહાખોરી કરી કૃત્રિમ તંગી પેદા કરી ભાવવધારો કરી કમાણી કરવી. જેવા ગણ્યા ગણાય નહિં તેટલા માનવજગતમાં ઊભા થયેલાં દૂષણોએ ધરતીને મેલી કરી નાખી છે. ધરતીને અપવિત્ર કરી નાખી છે. નદીઓને અપવિત્ર કરી નાખી છે, વાતાવરણને પ્રદૂષિત કરી નાખ્યું છે. આ પૃથ્વી જાણે કે નરક બની ગઇ હોય તેવું જણાય છે એટલે જ આલ્ડસ હકસલીએ જે વાત કરી છે કે જાણએ કે આ પૃથ્વી એ બીજા ગ્રહો માટેનું નરક હોય તેવી હાલત જોવામાં આવે છે. પછી તો વિચારી કુદરત વિફરે જ ને!! દરિયાઇ તોફાનો અને કેદારનાથ જેવા પવિત્રધામોમાં કુદરતે ફેલાવેલો કહેર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આ બધી કુદરતી આફતોમાં માનવસંહાર વધવા લાગ્યો છે. પૃથ્વી ઉપર માનવીએ સર્જેલા દુષણો માનવીએ ફેલાવેલી ગંદકી, પૃથ્વીને મેલીદાટ કરી છે. પૃથ્વી જાણે કે નરક બની ગઇ છે. આપણે આ પૃથ્વીને હવે સ્વર્ગ બનાવવા માનવીમાં ચેતના જગવવાનો સમય પાકી ગયો છે.

# યે સફર ના રૂકે કભી ક્લિમ્પોંગ-દાર્જીલીંગ-ગેંગટોક

## વિચારયાત્રા

**- ડો. જય ઓઝા**

આંખો અટવાણી જયારે વનની વનરાઇમાં ને,
ગિરિવર ઘેરીને ઊભા આભને, હો જી.
શિખરો ખોવાણાં એના વાદળનાં વૃન્દમાં ને,
ખીણો ખોવાણી આછી ધુમ્મસે હો જી
ઝરમર ઝીલંતી ઝીણી જલની ઝકોર જયારે
સાચીયે સૃષ્ટિ ભાસી સોણલું, હો જી
નાનકડું મારું જયારે મનડું ખોવાણું એમાં,
જગ રે ખોવાણું જયારે સામટું, હોજી
સાંપડિયો ત્યારે મારા આતમનો સાહ્યબો ને,
થળ થળ ઘેરી એ ઊભો આંખડી, હો જી
ફુલડાંથી ફોરે એ તો ઘટડે ઘૂંટાણો મારે,
રહ્યું જી પછી તો શું રે શોધવું, હો જી?

**- મનસુખલાલ ઝવેરી**

હમણાં આ કાવ્ય વાંચવામાં આવ્યું અને થયું કે નક્કી કવિ પણ દાર્જીલીંગ સિક્કીમની સફર માણી આવ્યા હશે પછી કાવ્યની રચના કરી હશે...

આ વેકેશનમાં પશ્ચિમ બંગાળના ક્લિમ્પોંગ અને દાર્જીલીંગ તથા સિક્કીમમાં ગંતોક (ગેંગટોક) ની અદ્‌ભૂત સફર કરવાનો અવસર સાંપડ્યો.

કાળી સડક, ઊંચા મકાનો, બસ, ટ્રેન, લક્ઝુરીયસ કાર, ટ્રેન અને માણસોથી ઊભરાતાં પ્લેટફોર્મ - આ બધામાં વેરવિખેર થયેલા આપણે આપણને પણ કયારે મળીએ છીએ? પ્રકૃતિનો પારસ સ્પર્શ માનવપ્રકૃતિને થાય છે ત્યારે પરમ તત્વ સાથે સહજપણે અનુબંધ રચાઇ જાય છે. વનની વનરાઇમાં લીલી મોકળાશનો અને અવિચળ ગિરિવરમાં વિભૂતિના અંશનો જે અનુભવ કવિને થયો છે - તેવો જ અનુભવ સિક્કીમ અને દાર્જીલીંગના પ્રવાસ વખતે અમે અનુભવ્યો...

અમદાવાદ સ્ટેશનથી અવિસ્મરણીય સફરની શરૂઆત થઇ... અને લગભગ ૪૦-૪૨ કલાકની થકવી નાખતી મુસાફરી પછી ન્યુ જલપાઇગુડી સ્ટેશન પર ઉતર્યા...

સિક્કીમ કે દાર્જીલીંગ જવા માટેનું આ છેલ્લું રેલ્વે સ્ટેશન છે... રેલ્વે સ્ટેશન પ્રમાણમાં ઘણું વિશાળ છે... જો કે સ્ટેશન પ્લાનિંગ થોડું અટપટુ છે... પ્લેટફોર્મ નં.૧ સ્ટેશનની અંદર પ્રવેશતા તરત આવવાના બદલે છેક છેવાડે છે... **Any way** સ્ટેશનની બહાર સરસ સ્ટીમ એન્જીનનું વિશાળ મોડેલ છે...

મુસાફરીની થકાન પછી ટોયોટો ઇનોવા કાર સાથે ડ્રાઇવર સ્ટેશન પર અમારા સ્વાગત માટે હાજર હતો... અમારો પહેલો પડાવ હતો... ક્લિમ્પોંગ (ગાયક ઉદિત નારાયણનું સાસરું...) ક્લિમ્પોંગ હજી સુધી પ્રવાસીઓની નજરે ઓછું ચડેલું સ્થળ છે... આ જ કારણે અહીં 'મેન્યુપુલેશન' ઓછું જોવા મળે છે... ક્લિમ્પોંગમાં નયનાકર્ષિત મસ્ત કેકટસ્ ગાર્ડન છે... અદ્‌ભૂત અવનવા કેક્ટસ્ જોતા આંખો ચકરાવે ચડી જાય છે... કુદરતે કાંટાની પણ કેવી શોભા પીરસી છે? અને કેકટસના ફુલ તો અવર્ણનીય હતા... સુપર્બ... ફેન્ટાસ્ટીક...

ઊંચાઇ પર સુંદર હોટેલમાં અમારું રોકાણ હતું... ક્લિમ્પોંગ જવાનું મુખ્ય ધ્યેય અમારું 'લાવા' નામનું સ્થળ હતું...

ક્લિમ્પોંગથી ૪૦ કી.મી. દૂર 'લાવા' નામનું સ્થળ છે, જયાં બૌદ્ધ મોનેસ્ટ્રી છે... પ્રકૃતિનું મૌનપ્રેરક સાન્નિધ્ય! 'લાવા' જતી વખતે અને મોનેસ્ટ્રીની શાંતતા જોઇને શ્રી અરવિંદની પંક્તિ યાદ આવી ગઇ!

**Mountain and trees,**
**Stood there like thoughts From God.**

રોજીંદી જીવનની ઘટમાળ, નોકરી-ધંધાની પળોજણ, બોસની ચીકચીક, **EMI - Light bill, Telephone bill** ભરવાની લમણાંઝીક... આ બધું જ જાણે વિલીન થતું જાય અને જીવ કશાંકમાં તલ્લીન થતો જાય... તન્મયતાની એ ક્ષણ. વર્ણન કરીને સમજાવી શકાય તેમ નથી... તેનો તો અનુભવ જ કરો પડે...

ત્યારબાદ ત્યાથી પાછાં ફરતા અમે એક ડેલો પોઇન્ટ પર ગયા... વાદળ અમારી ગાડીની બારીમાંથી પસાર થઇને અમને ભીંજવી જતા'તા. બપોરે ત્રણ વાગે ડેલો પોઇન્ટ પર પુષ્કળ વાદળોનાં સામ્રાજયમાં નજર સામે બે ફુટના અંતરે પણ કશું દેખાતું ન હતું.

વિવિધ પ્રકારના ગુલાબ અને બીજા અનેકવિધ ચિત્તાકર્ષક ફૂલો તો આપણે ત્યાં નિંદામણનું ઘાસ ઊંઘી નીકળે તેમ ઢગલાબંધ ખીલેલા જોવા મળે...

ત્યાંથી અમે દાર્જીલીંગ તરફ રવાના થયા... તિસ્તા નદીના કાંઠે કાંઠે જતા રસ્તા, એક તરફ ઊંચા ઊંચા પર્વતો અને બીજી બાજુ ઊછળતી કૂદતી સડસડાટ ભાગતી તિસ્તા નદી... મનાલી જતા જેમ રસ્તામાં બિયાસ નદી જોડે જોડે મારગ દેખાડતી ચાલી જતી હોય તેમ અદ્દલ અહીં પણ તિસ્તા નદીની સુંદરતા નિહાળતા - નિહાળતા દાર્જીલીગ તરફની અમારી સફર પૂર્ણ થઇ.

પશ્ચિમ બંગાલનું સોનાના ઇંડા આપતી મરઘી જેવું શહેર એટલે દાર્જીલીંગ. ઢગલાબંધ ચાના બગીચા... એટલે ચાની આવક અને ઢગલાબંધ પર્યટકોથી ઊભરાતું, મૂંઝાતું, ચૂથાતું શહેર એટલે દાર્જીલીંગ. મર્યાદિત જગ્યામાં વિકસેલું શહેર દાર્જીલીંગ છેલ્લા દસ વર્ષમાં માનવવસ્તીથી ઊભરાઇ રહ્યું છે...

'આરાધના' માં શર્મિલા ટાગોર ટોયટ્રેનમાં બેઠી હોય અને સાથે સાથે ખુલ્લી જીપમાં રાજેશ ખન્ના 'મેરે સપનો કી રાની...' ગાતો હોય ત્યારથી માંડીને એજ શર્મિલા ટાગોરના સુપુત્ર સૈફ અલી ખાન 'પરિણિતા' ના 'કુછ તો મઝા હૈ... રેલઇ માં...' એ જ ટોયટ્રેનમાં ગીત ગાતા હોય, એમ આખી બોલીવુડની પેઢીની પેઢી જોઇ ચુકેલ દાર્જીલીંગ અને તેની ટોયટ્રેન બોલીવુડ ફિલ્મોનું ફેવરીટ આઉટડોર ડેસ્ટીનેશન છે...

છેલ્લે 'બરફી' ફિલ્મનું તો આખે આખું શૂટીંગ જ અહીંયા થયું છે. અહીં તમને એક નવી વસ્તુ જોવા મળશે... અહીંની દરેક હોટેલ, દુકાન, લોજ, રેસ્ટોરાં, દરેકનાં હોર્ડિંગ્સમાં સરનામાની અંદર દાર્જીલીંગ - ગોરખાલેન્ડ વાંચવા મળશે... દાર્જીલીંગ પશ્ચિમ બંગાળની બદલે દરેક જગ્યાએ ગોરખાલેન્ડ. ત્યાંની સ્થાનિક પ્રજા આ વિસ્તારને ગોરખાલેન્ડ જ માને છે... વર્ષોથી દાર્જીલીંગ અને તેની આજુબાજુના આઠેક જિલ્લા અલગ ગોરખાલેન્ડની માંગણી કરે છે... તેનું કારણ પણ એ જ છે કે ત્યાંની પ્રજા નવી સરકાર પાસેથી સ્વતંત્ર ગોરખાલેન્ડની અપેક્ષા રાખે છે... જે અશક્ય લાગે છે. પશ્ચિમ બંગાળ ખૂબ જ ગરીબ રાજય છે. તેવામાં અગાઉ કહ્યું તેમ એક માત્ર સોનાનાં ઇંડા આપતી મરઘી જેવું દાર્જીલીંગ - મમતા દીદી હાથમાંથી જવા દે તે શક્ય નથી લાગતું...

**Any way** આ તો બધી થઇ ત્યાંની રાજકીય અને સામાજિક વાતો... આપણે ત્યાંની પ્રાકૃતિક વાતો કરવાની છે... એક તરફ જયાં માણસોની ખીચોખીચ વસ્તી છે, તો બીજી તરફ ટાઇગર હીલ, હેપી વેલી ટી એસ્ટેટ, હીમાલયન માઉન્ટેન ઇન્ટીટયુટ અને હિમાલયન ઝુ, તિબેટીયન રેફ્યુજી કેમ્પ, જાપાનીઝ ટેમ્પલ, જેવા ચિત્તાકર્ષક સ્થળો પણ છે... દાર્જીલીંગ અને ગેંગટોકનો આ સફર જારી રહેશે આવતાં સપ્તાહે પણ...

(ક્રમશઃ)

# ગાંધીનગરના કવિ - લેખક શ્રી મૌલિકભાઈ શંકરભાઈ બોરીજા ફરજથી નિવૃત્ત થયા પણ સર્જનથી નહીં

## મોંઘેરા મોતી

**નટવર આહલપરા**

ગાંધીનગર તાલુકા જીલ્લાનું એક ગામ એટલે બોરીજ. મૌલિકભાઇએ પણ બોરીજ ગામ ઉપરથી પોતાનું ઉપનામ બોરીજા રાખ્યું હશે. તા. ૦૧-૦૬-૧૯૫૭ના રોજ બોરીજ ગામે જન્મેલા મૌલિકભાઇના પિતા શંકરભાઇ સવાભાઇ પરમાર અને માતા મણિબેન શંકરભાઇ પરમાર.

શ્રી મૌલિકભાઇ - ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરથી નિવૃત્ત થયાં છે એમ.એ. સુધી ભણેલા શ્રી બોરીજાએ સમગ્ર ગુજરાત, ઉત્તર ભારત, દક્ષિણ ભારત અને મધ્યભારતનાં પ્રવાસ કર્યા છે.

શ્રી મૌલિકભાઇના પત્ની છે હંસાબેન. આ દંપતીને એકે હજારા સમાન સંતાન પ્રવિણા જીજ્ઞેશકુમાર આર્ય. શ્રી મૌલિકભાઇનાં પત્ની હંસાબહેને દીકરી પ્રવિણા પછી કુટુંબ નિયોજનનું આપરોશન કરાવ્યું હતું.

અહીં આ દંપતીને સુભાષિત ભેટ આપીએ,
દીકરી એટલે લાગણીની વેલ ઉપર ઉગેલું પુષ્પ !
દીકરી એટલે સહુને હેતે ભીંજવતી વાદળી !
જોકે આજે હવે એમ પણ કહેવું જોઇએ કે,
'દીકરી વ્હાલનો દરિયો છે' તો દીકરો ઘૂઘવતો સાગર છે. શ્રી મૌલિકભાઇનું સાહિત્ય યોગદાન જોઇએ.



'અધુરા અરમાન' (૨૦૦૩) તેમના માતુશ્રીની પ્રેરણાથી પ્રથમ વાર્તાસંગ્રહ તો પિતાશ્રીની પ્રેરણાથી 'ભીંસ' દલિત વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો જેની વર્ષ ૨૦૧૨માં બીજી આવૃત્તિ થઇ હતી. 'અંધારા ભર્યો ઉજાસ'માં સંસ્મરણ લેખો છે. (વર્ષ ૨૦૦૫)

'અકબંધ' (કાવ્યસંગ્રહ) વર્ષ - ૨૦૦૬ - નીલકંઠ લઘુનવલ - વર્ષ - ૨૦૦૬ 'મહેફિલ' એકાંકી સંગ્રહ વર્ષ - ૨૦૦૭માં પ્રકાશિત થયો છે.

ગાંધીનગર બૃહસ્પતિ સભામાં ગામડાના ધૂળભર્યા માર્ગોથી રાજમાર્ગો પગરણ થતાં 'અધુરા અરમાન' વાર્તા સંગ્રહ-૧નું પ્રાગટ્ય થયેલું. 'ભીંસ' વાર્તાસંગ્રહ માટે ગુજરાત દલિત સાહિત્ય અકાદમીનો સ્નેહ મળ્યો હતો. બાબા સાહેબે કહ્યું હતું : "બનો શિક્ષિત. બન્યા છે તેઓ કેવળ નિજ રક્ષિત." અર્પણ કાવ્ય-૧૪મી એપ્રિલ યોગાનુયોગ છે.

સ્વ. મુકેશ મકવાણા, પ્રો. કલ્યાણી વૈષ્ણવ 'દલિત ચેતના'નાં તંત્રી મનોજભાઇ વ. ને મૌલિકભાઇ હૃદયની યાદ કરે છે. શ્રી હરિશ મંગલમને પણ લેખક સ્મરે છે. સર્જન યાત્રામાં મૌલિકભાઇના પત્ની હંસાબેન સાથે મળતો જ રહે છે.

વિવિધ પ્રતિભા સંપન્ન મૌલિકભાઇને શુભેચ્છા - અભિનંદન તેમના મો.ન છે. ૯૪૨૭૪૫૪૪૮૬ તથા ૯૧૫૭૩૭૯૪૯૫ છે.

**દીકરી એટલે લાગણીની વેલ ઉપર ઉગેલું પુષ્પ !**
**દીકરી એટલે સહુને હેતે ભીંજવતી વાદળી !**